# ધોરણ – 11-12
# ગુજરાતી (પ્રથમ ભાષા)
# અભ્યાસક્રમ સંરચના

## 1. પૂર્વભૂમિકા :

માતૃભાષાને માત્ર વિષય તરીકે નહીં, પરંતુ જીવન વ્યવહારની ભાષા તરીકે, પ્રત્યાયનના સાધન તરીકે, સાંસ્કૃતિક વારસાના હિસ્સા કે ભાગ તરીકે હસ્તગત કરવાની અનિવાર્યતા અનુભવાય તે જરૂરી છે. આમ તો બાળકોએ શાળામાં આવતાં પહેલાં શ્રવણ અને કથન જેવા મૂળભૂત કૌશલ્યોનો સરળ રીતે ઉપયોગ કરતાં શીખી લીધું હોય છે. એ રીતે માતૃભાષા સાહજિક રીતે બાળકના લોહીમાં ભળેલી હોય છે. ધોરણ 8 (આઠ) સુધીમાં માતૃભાષાનાં વિવિધ કૌશલ્યોને અને તેનાં વિવિધ સાહિત્ય સ્વરૂપોને વિદ્યાર્થીએ જે રીતે આત્મસાત્ કર્યા હોય છે તેના પાયા ઉપર ભાષા-સાહિત્ય પરના પ્રભુત્વને વ્યાપક રીતે દૃઢ બનાવવા માટે આ અભ્યાસક્રમ આવશ્યક છે.

ભાષાશિક્ષણનું કાર્ય એ અર્થમાં અન્ય વિષયશિક્ષણ કરતાં જૂદું છે. તેના દ્વારા માત્ર પાઠના પ્રશ્નોના ઉત્તરો આવડે તે પર્યાપ્ત નથી. ભાષા દ્વારા અસરકારક પ્રત્યાયન, સુટેવોનું ઘડતર, સંસ્કારોનું સિંચન, સહૃદયતા, માનવતા, આત્મીયતા, લાગણીશીલતા, સંવેદનશીલતા, બીજાને મદદરૂપ થવાની ભાવના, સર્જનાત્મકતા, કલાત્મકતા અને કૌશલ્યો જેવાં અનેક આયામો, ગુણો, મૂલ્યો આત્મસાત્ કરવાનાં હોય છે, હૃદયસ્થ કરવાનાં હોય છે, સંગ્રહિત કરવાનાં હોય છે, સંવર્ધિત કરવાનાં હોય છે.

રાષ્ટ્રીય અભ્યાસક્રમના પરિરૂપ (NCF-05) ની ઘણી બાબતો ગુજરાત રાજ્યના અભ્યાસક્રમમાં સમાવિષ્ટ હતી જ. છતાં પરિવર્તન એ વિકાસનું અભિન્ન અંગ છે તે વિધાનને ધ્યાનમાં રાખીને પ્રવર્તમાન સમયમાં જરૂરી એવાં ભાષા-કૌશલ્યો, જીવન કૌશલ્યો અને મૂલ્યશિક્ષણને કેન્દ્રમાં રાખીને આ અભ્યાસક્રમની પુનઃરચના કરવામાં આવી છે.

જાતિ-સમભાવ, સ્વચ્છતા, સ્વાસ્થ્ય, પર્યાવરણ જાળવણી, જતન અને સંવર્ધન, સ્ત્રી-દાક્ષિણ્ય, બાળ-અધિકાર, સામાજિક-એકતા, રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા, વિશ્વ બંધુત્વની ભાવના, આપત્તિ-વ્યવસ્થાપન, ગ્રાહક-સુરક્ષા, તનાવ-વ્યવસ્થાપન, સર્જનાત્મકતાનો વિકાસ, વૈજ્ઞાનિક અભિગમ, ઉત્તમ નાગરિકનું ઘડતર વગેરેથી સંસ્કારાયેલો સારો માનવ બનાવવા માટે પથદર્શક બની રહે તેવા અભ્યાસક્રમની સંરચના કેન્દ્રસ્થ છે.

જ્ઞાનના વિસ્ફોટમાં આંગળીના ટેરવે રમતા વિશ્વને પોતીકું બનાવવા માટે આજનો બાળક અદ્યતન ટેક્નોલૉજીથી માત્ર પરિચિત થાય તે પર્યાપ્ત નથી. પરંતુ તેનો શિક્ષણ અને વ્યવહારમાં ઉચિત ઉપયોગ કરે તે પણ ખૂબ જરૂરી છે તેથી શિક્ષણ ટેકનોલૉજીને પણ પૂર્ણ અવકાશ મળે તે અનિવાર્ય છે. ભાષા વ્યવહાર જગતનું સાધન છે, માનસિક શક્તિઓના વિકાસનું ઓજાર છે. અને સાહિત્યનું માધ્યમ પણ છે, તેથી બીજા વિષયો કરતાં ભાષા શિક્ષણને વિશેષ ભાર આપવાની અત્યંત આવશ્યકતા છે. બાળક પોતાપણાની ભાવનાથી માતૃભાષાને માણે, જાણે અને પ્રમાણે તે પ્રવર્તમાન સમયમાં અત્યંત પ્રસ્તુત છે. કારણ કે તેની પૃથક્કરણની, વિશ્લેષણની, વર્ગીકરણની, સંયોજનની, અંદાજની, અનુમાનની, તર્કની, તારણની, નિર્ણયની, સ્મરણની વગેરે બધી જ માનસિક શક્તિઓ ભાષા સાથે અનિવાર્યપણે જોડાયેલી છે. તે દિશામાં વિદ્યાર્થીઓની જિજ્ઞાસાને સંતોષ આપશે તેવી શ્રદ્ધા સાથે આ અભ્યાસક્રમ તૈયાર કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

## ગુજરાતી ભાષાના સામાન્ય હેતુઓ :

વિદ્યાર્થીઓ

* ગુજરાતી ભાષાનાં મૂળ તત્ત્વોનું જ્ઞાન પ્રાપ્ત કરે.
* શ્રવણ દ્વારા અર્થગ્રહણ કરે અને અર્થઘટન કરે.
* કથન દ્વારા અભિવ્યક્તિ કરે.
* વાચન દ્વારા અર્થગ્રહણ કરે અને અર્થઘટન કરે.
* લેખન દ્વારા અસરકારક અભિવ્યક્તિ કરે.
* વ્યાકરણના જ્ઞાનનું ઉપયોજન કરે.
* સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં રસ લઇ સાહિત્યિક કૃતિઓનો રસાસ્વાદ માણે.

## ભાષાશિક્ષણના વિશિષ્ટ હેતુઓ :

* **ગુજરાતી ભાષાનાં મૂળ તત્ત્વોનું જ્ઞાન પ્રાપ્ત કરે.**
  - ભાષાના અંગો-તત્ત્વોને ઓળખે.
  - વર્ણથી શરૂ કરીને શબ્દ અને વાક્યરચના અંગેનું જ્ઞાન પ્રાપ્ત કરે.
  - શબ્દકોશનો ઉપયોગ કરી શબ્દનો અર્થ જાણે.
  - શબ્દકોશનો ઉપયોગ કરી માન્ય જોડણીનું જ્ઞાન મેળવે.
  - વ્યાકરણ વિષયક બાબતો (ઉચ્ચારણ અને વર્ણવિચાર, શબ્દ વિચાર, વાક્ય વિચાર) જાણે.
  - સાહિત્યનાં વિવિધ સ્વરૂપો જેવાં કે, વાર્તા, નિબંધ, સંસ્મરણ, એકાંકી, નવલકથાંશ, આત્મકથા, લઘુકથા, રેખાચિત્ર અને પ્રવાસવર્ણન જેવાં ગદ્ય સ્વરૂપો સમજે અને માણે.
  - પદ, આખ્યાનખંડ, છપ્પા, સૉનેટ, લોકગીત, ઊર્મિગીત, ગઝલ, પ્રભાતિયાં, હાઇકુ, ખંડકાવ્ય, દુહા, મુક્તક જેવાં પદ્ય સ્વરૂપો સમજે અને માણે.
* **શ્રવણ દ્વારા અર્થગ્રહણ અને અર્થઘટન કરે.**
  - સાંભળેલી સામગ્રીને આધારે પ્રશ્નોના જવાબ આપો.
  - ધ્યાનપૂર્વક શ્રવણ કરે.
  - ધીરજપૂર્વક સાંભળે.
  - વક્તાના ભાવનો અર્થ સમજવા પ્રયાસ કરે.
  - વક્તાના વિચારો સાથે સહમત ન હોય તોપણ તેને શાંતિપૂર્વક સાંભળે.
  - વક્તાના કથનને તટસ્થતાથી મૂલવે.
  - શ્રવણ દ્વારા જ્ઞાન, મનોરંજન અને પ્રેરણા મેળવે.
  - બોલી અને માન્ય ભાષાનાં ઉચ્ચારણનો ભેદ સ્પષ્ટ કરે.
  - વક્તાના કથનમાં રહેલાં વ્યંગ, કટાક્ષ કે સંદર્ભને સમજે.
  - અનૌપચારિક અને ઔપચારિક કથન વચ્ચેનો ભેદ પારખે.
  - સાંભળેલી સામગ્રીનો સાર રજૂ કરે.

* કથન દ્વારા અભિવ્યક્તિ કરે.
  - શુદ્ધોચ્ચાર સાથે કથન કરે.
  - પોતાના વિચારોને અર્થસભર રીતે રજૂ કરે.
  - પોતાના વિચારો ઉચિત ભાવ સાથે વ્યક્ત કરે.
  - યોગ્ય આરોહ - અવરોહ સાથે બોલે.
  - યોગ્ય ઝડપથી બોલે.
  - શુદ્ધ ભાષા બોલે.
  - પ્રસંગને અનુરૂપ ભાષાનો ઉપયોગ કરીને બોલે.
  - ક્રમબદ્ધ, તાર્કિક અને સંક્ષિપ્ત ભાષામાં કથન કરે.
  - શ્રોતાની સંખ્યા, તેમની માનસિકતા અને પ્રસંગના ઔચિત્યને અનુરૂપ કથન કરે.
  - શ્રોતાની વય અને કક્ષાને અનુરૂપ ભાષાનો ઉપયોગ કરે.
  - પ્રાદેશિક બોલીનો સહેતુક ઉપયોગ અને માન્ય ભાષાની છટાનો ઉપયોગ સભાનતાથી કરે.
  - વિવિધ વિષયોની ચર્ચા અને વાતચીતમાં સક્રિય ભાગ લે.
  - પોતાના વિચારો અને લાગણીઓને સાહજિક રીતે અસરકારક ભાષામાં વ્યક્ત કરે.

* **વાચન દ્વારા અર્થગ્રહણ અને અર્થઘટન કરે.**
  - માન્ય ભાષામાં યોગ્ય ઝડપ, સ્વરભાર અને આરોહ-અવરોહ સાથે વાચન કરે.
  - યોગ્ય ઝડપથી વાંચે.
  - શ્રોતાઓની સંખ્યાને ધ્યાનમાં રાખીને ક્ષોભરહિત અને સસ્વર પઠન કરી શકે.
  - વાચનસામગ્રીનો સારાંશ રજૂ કરી શકે.
  - વિષયવસ્તુના વાચ્યાર્થ, લક્ષ્યાર્થ અને વ્યંગ્યાર્થને સમજે.
  - પઠિત સામગ્રીના વિચારો સાથે સંમતિ કે અસંમતિ પ્રગટ કરે.
  - હસ્તલિખિત લખાણો વાંચવાની ક્ષમતા કેળવે.
  - નાટક કે સંવાદોનું હાવભાવ સાથે વાંચન કરે.
  - પરિચ્છેદ વાંચીને યોગ્ય શીર્ષક આપે.
  - વાંચન દ્વારા ભાષાજ્ઞાન સમૃદ્ધ કરે.
  - વાંચન દ્વારા વિવિધ વિષયવસ્તુનું જ્ઞાન મેળવે.
  - ભાષાને અનુરૂપ મુખવાંચન કરે.
  - વિરામચિહ્નોને ધ્યાનમાં રાખીને અર્થસભર વાંચન કરે.
  - કૃતિ કે વાક્ય હાર્દને સમજીને મૂકવાંચન કરે.
  - મૂકવાંચનની ગતિ અને દૃષ્ટિફલકમાં ઉત્તરોત્તર વધારો કરે.

* લેખન દ્વારા અભિવ્યક્તિ કરે.
    - પોતાના વિચારોને માન્ય જોડણી સાથે લખે.
    - સુવાચ્ય અને સુરેખ હસ્તાક્ષરથી લખે.
    - બે ક્રમિક શબ્દો અને બે ક્રમિક લીટી વચ્ચે યોગ્ય અંતર રાખીને લખે.
    - વિચારપરિવર્તન સાથે ફકરા પાડીને લખે.
    - લખાણમાં કહેવત, રૂઢિપ્રયોગ અને વિશિષ્ટ શબ્દોનો ઉપયોગ કરે.
    - સરળ-સ્પષ્ટ અને ભાવવાહી ભાષામાં ક્રમબદ્ધ લખે.
    - ભાવાર્થને અનુરૂપ યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરીને લખે.
    - પોતાની કલ્પનાશક્તિ અને અનુભવોને યોગ્ય શબ્દોમાં વ્યક્ત કરે.
    - સંક્ષિપ્તીકરણ અને વિસ્તૃતીકરણ કરે.
    - વિવિધ પ્રકારનું લખાણ (અર્થવિસ્તાર, નિબંધ, સારલેખન, અહેવાલલેખન, રોજનીશી, પત્રો, અરજી) વગેરે લખે.
    - વ્યાકરણ વિષયક દોષોથી મુક્ત થઈને લખે.
    - મૌલિક લેખન કરે.
* વ્યાકરણના જ્ઞાનનું ઉપયોજન કરે.
    - વ્યાકરણના નિયમોનો ઉપયોગ કરી કથન કરે.
    - વ્યાકરણના નિયમોનો ઉપયોગ કરી લેખન કરે.
    - વ્યાકરણના નિયમોનો અન્ય ઉદાહરણોમાં સફળતાપૂર્વક ઉપયોગ કરે.
    - માન્ય વાક્યરચના બનાવે.
    - વાક્યોમાંનાં સંજ્ઞાનાં રૂપો ઓળખી બતાવે.
    - શબ્દો અને રૂઢિપ્રયોગોના વ્યવહારુ ઉપયોગ કરી બતાવે.
    - વ્યાકરણને ભાષા સાથે સાંકળે.
    - વ્યાકરણ વિષયક બાબતોથી તર્કશક્તિ ખીલવે.
* સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં રસ લઈ સાહિત્ય કૃતિઓનો રસાસ્વાદ માણે અને વલણ કેળવે.
    - સાહિત્યના વિવિધ પ્રકારો જાણે.
    - સાહિત્ય કૃતિઓનો આનંદ માણે.
    - હસ્તલિખિત અંક બનાવે.
    - પોતાની પસંદિત કૃતિઓનો સંગ્રહ કરે.
    - સાહિત્યના વિવિધ પ્રકારો (સ્વરૂપો) વચ્ચેની સામ્ય અને ભિન્નતાને પારખે.
    - સાહિત્યકારોના જીવન કવનનો પરિચય મેળવે.
    - કવિસંમેલનો, સાહિત્ય પરિષદો કે સાહિત્યિક કાર્યક્રમોમાં હાજરી આપે અને સક્રિય ભાગ લે.
    - મૌલિક સાહિત્યિક કૃતિઓની રચના માણે અને પ્રેરણા મેળવે.
    - સાહિત્યનો સાંસ્કૃતિક વારસા સાથેનો સંબંધ તારવે.

- સાહિત્યિક કૃતિઓની સર્જનપ્રક્રિયા સમજી-સમજાવી શકે.
- મુખપત્ર, વર્તમાનપત્ર, સામયિક અને જાહેરાતમાં આવતી ભાષા ઓળખે.
- લેખક/કવિનાં અન્ય પુસ્તકો વાંચે.
- વિવિધ સાહિત્યિક સ્વરૂપો જેવાં કે, નાટક, વાર્તા, લઘુકથા, કવિતા, પ્રેરક ઉદ્‌બોધન, સંસ્મરણ, નિબંધ વગેરેની ભાષા વ્યાવહારિક ભાષાથી કઇ રીતે જુદી પડે છે તે સમજે.

**ભાષાનું અધ્યયન : વ્યાકરણ અને ભાષાની રચના**

ધોરણ - 11 અને 12 ના વ્યાકરણમાં નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લેવા :

## એકમ-1 શબ્દવિચાર અને શબ્દ ઘડતર

**ધોરણ - 11**

- પૂર્વપ્રત્યય અને પરપ્રત્યયની મદદથી થતું શબ્દઘડતર અને એમનાથી થતા અર્થભેદ

**ધોરણ -12**

- વિશેષણાત્મક શબ્દઘડતર
- તળપદા શબ્દો - શબ્દપ્રયોગો
- માન્ય ભાષાના શિષ્ટ શબ્દો

## એકમ-2 વાક્યવિચાર

**ધોરણ -11**

- વાક્યના ઘટકો, વિભક્તિ દર્શક અનુગો અને નામયોગીઓ
- વાક્યના પ્રકારો, તેના અર્થો અને તેની લાક્ષણિકતાઓ
- વાક્ય પરિવર્તન
- વ્યાકરણની દષ્ટિએ ભાષાશુદ્ધિ-વાક્ય સુધાર

**ધોરણ-12**

- વાક્ય-વાક્યના ઘટકો - પદક્રમ અને પદસંવાદ, નિપાત, કૃદંત
- વાક્યરચના - સાદી, સંયુક્ત, સંકુલ

## એકમ-3 લેખન અને અભિવ્યક્તિ

**ધોરણ-11**

- સંવાદ લેખન
- સંક્ષેપ લેખન
- વિચાર-વિસ્તાર
- અહેવાલ લેખન
- રસદર્શન (પાઠ્યપુસ્તકમાં ન હોય તેવી મહત્તમ ચૌદ પંક્તિ સુધીની કવિતાનું સ્વતંત્ર રીતે રસદર્શન કરી શકે) (પાંચ ગુણ)
- અનુવાદ (પાઠ્યપુસ્તકમાં ન હોય તેવાં દસ સરળ અંગ્રેજી વાક્યોનું અથવા દસ વાક્યના સરળ પરિચ્છેદનું ગુજરાતી ભાષાંતર પાંચ ગુણ ફાળવી શકાય.)

ધોરણ-12

- અહેવાલ લેખન/અરજી લેખન
- રસદર્શન (પાઠ્યપુસ્તકમાં ન હોય તેવી મહત્તમ ચૌદ પંક્તિ સુધીની કવિતાનું સ્વતંત્ર રીતે રસદર્શન કરે.)
- સંક્ષેપલેખન
- અનુવાદ (પાઠ્યપુસ્તકમાં ન હોય તેવા દસ વાક્યના સરળ પરિચ્છેદનું ગુજરાતીમાં ભાષાંતર (પાંચ ગુણ)

**મૂલ્યશિક્ષણ :**

- **આ અભ્યાસક્રમમાં સ્વચ્છતા, સમૂહજીવન, શિસ્ત, સચ્ચાઈ, શ્રમનું મહત્ત્વ, પ્રામાણિકતા, સાદગી,** ન્યાય અને સમાનતા, ભાતીગળ સંસ્કૃતિનું જતન અને સંવર્ધન, સંયુક્ત કુટુંબની ભાવના, સાત્ત્વિક જીવનશૈલી, વ્યાવસાયિક ક્ષમતા, ગ્રામોધ્ધાર, સરકારી યોજનાઓ, વ્યક્તિ વિશેષનો પરિચય, સાંપ્રત સમસ્યાઓ, વિશિષ્ટ શિક્ષણ, પ્રેરણાત્મક વ્યક્તિત્વ, પહેલવૃત્તિ, સ્વયંશિસ્ત, નિયમિતતા, સેવાભાવના, શિષ્ટાચાર, સહયોગ, મિત્રતાપૂર્ણ વ્યવહાર, ઉદારતા, સદાચાર, પ્રેમ, કરૂણા, અહિંસા, સહનશીલતા, દેશપ્રેમ, ધર્મનિરપેક્ષતા, કર્તવ્યભાવના, સ્ત્રી-પુરૂષ સમાનતા જેવા મૂલ્યો/મુદ્દાઓનો તેઓની ભૂમિકામાં સમાનતા વગેરેનો સમાવેશ કરવો.
- ઉપર્યુક્ત બધા વિષયો પાઠ્યસામગ્રીમાં વિષયવસ્તુના રૂપમાં મૂકવા, પરંતુ એક જ પુસ્તકમાં બધા વિષય લેવામાં ન આવે તેથી વિદ્યાર્થીના સ્તર અને ઉંમર પ્રમાણે વર્ગાનુસાર વિષયોની છણાવટ કરવી.

**જીવનકૌશલ્યો:**

- સમય વ્યવસ્થાપન
- તનાવ વ્યવસ્થાપન
- નાણાકીય વ્યવસ્થાપન
- આપત્તિ વ્યવસ્થાપન
- આરોગ્ય વ્યવસ્થાપન
- પર્યાવરણ વ્યવસ્થાપન અને
- વાક્કૌશલ્ય

જેવાં જીવન કૌશલ્યો વિશે વિદ્યાર્થીઓ માહિતગાર થાય તેવી કૃતિઓ અને પ્રવૃત્તિઓનો સમાવેશ કરવો.

**પાઠ્યસામગ્રી :**

- ધોરણ-11-12 ના પાઠ્યપુસ્તકમાં અંદાજે 14 ગદ્ય કૃતિઓનો સમાવેશ કરવો.
- વ્યાકરણ અને ભાષા અભિવ્યક્તિની સામગ્રી તેમજ સ્વાધ્યાય, ચર્ચા, મુલાકાત અને પ્રવૃત્તિઓનો સમાવેશ કરવો.

**અભ્યાસક્રમમાં મૂલ્યાંકનનું માળખું -**

- અભ્યાસક્રમમાં મૂલ્યાંકનનું માળખું H.S.C બોર્ડ નક્કી કરે તે મુજબ રહેશે. સત્રાંત કે અંતિમ પરીક્ષામાં પાઠ્યપુસ્તકની કૃતિઓ ઉપર આધારિત 50 ટકા ગુણ (જેમાં MCQ પણ આવી જાય) અને 50 ટકા ગુણ લેખન વ્યાકરણને ફાળવવાની જોગવાઈ કરવી.

• • •